જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૩૧૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૫ | ૧ | ૧૦૩૫૬ | ૧૬૪૦૯ | ૧ | ૧૬૪૧૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૦ | ૪૩૩૫ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૦૯ | ૦ | ૨૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૯૯૬ | ૧૨ | ૧૪૦૦૮ | ૧૪૫૦૦ | ૪૦ | ૧૪૫૪૦ |
| | કુલ | ૨૮૭૩૦ | ૧૩ | ૨૮૭૪૩ | ૩૬૯૬૯ | ૪૧ | ૩૭૦૧૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૦ | ૮,૨૧,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫૩ | ૪,૨૬,૫૦૦/- |

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :

**ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો આયસર ટેન્કરમાં છુપાવી રાજસ્થાનના આરોપીઓ હરીયાણાથી માલ ભરી સાણંદ તરફ જતા આરોપીઓને આયસર ટેન્કર સાથે મળી કુલ્લે રૂપિયા ૨૨,૧૦,૪૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમ સુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહિબીશનને લગતી ગેર કાયદેસર બદી નેસ્ત નામુદ થવા મળેલ સુચના મુજબ સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સર્વેલન્સ સ્કોડનાં પો.સબ.ઇન્સ.સી.એન.પરમાર તથા સરખેજ પો.ચોકીના પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ.ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ દેવેન્દ્રસિંહ બબલસિંહ બ.નં.૮૬૨૬ તથા અ.પો.કોન્સ રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અનાર્મ લોકરક્ષક દિલીપભાઇ ભાનુભાઇ બ.નં.૦૯૩૨ તથા અનાર્મ લોકરક્ષક વિપુલભાઇ શાભાભાઇ બ.નં.૧૧૩૫૭ તથા અનાર્મ લોકરક્ષક શીણાભાઇ કાળુભાઇ બ.નં.૪૪૬૪ તથા અ.પો.કો.વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૪૭૬ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન શાંતિપુરા સર્કલ ખાતે આવતા પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલનાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ શાંતિપુરા સર્કલ થઇ સાણંદ તરફ એક આયસર ટેન્કર નં.GJ-06-TT-9936 માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી પસાર થનાર છે જે હકિકત આધારે વોચમાં હતા દરમ્યાન હકિકત વાળુ ઉપરોકત ટેન્કર આવતા રોકવા ઇસારો કરતા સાણંદ તરફ ભાગવા લાગતા જેનો પીછો કરી પકડી આયસર ટેન્કર સાથે મળી કુલ્લે રૂપિયા ૨૨,૧૦,૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી સરખેજ પોલીસ સ્ટેશન પાર્ટ-સી નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૪૦૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨) મુજબની કાયદેસરની કાર્યવાહિ કરી ઉપરોક્ત ગુન્હો શોધી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

➤ **કબ્જે કરેલ મુદ્દામાલ-**

(૧)ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ્લે ૩૩૧ નંગ પેટીમાં કુલ-૪૩૦૫ બોટલો મળી કુલ્લે રૂપિયા ૧૪,૨૨,૬૦૦/-નો જથ્થો

(૨)ભારતીય બનાવટની બીયરની કુલ ૩૨ નંગ પેટીમાં કુલ ૭૬૮ બોટલો મળી કુલ્લે રૂપિયા ૭૬,૮૦૦/- મળી કુલ્લે ૩૬૩ નંગ પેટીમાં કુલ-૫૦૭૩ બોટલો મળી કુલ્લે **રૂપિયા ૧૪,૯૯,૪૦૦/-નો જથ્થો**

(૩)આયસર ટેન્કર નં.GJ-06-TT-9936 ની કિં.રૂ.૭,૦૦,૦૦૦/-

(૪)મોબાઇલ ફોન નંગ-૦૨ ની કુલ્લે કિં.રૂપિયા ૮૫૦૦/-

(૫)રોકડ રૂપિયા ૨૫૦૦/- તથા મળી કુલ્લે રૂપિયા ૨૨,૧૦,૪૦૦/- ના મતાનો મુલામાલ

**પકડાયેલ આરોપીઓ:-**

**(૧)જાલારામ સન/ઓ ધીમારામ ધુડારામ બિશ્નોઇ ઉ.વ.૩૫ રહે.ગામ-કાલીવાવ તા-સાંચોર જિ-જાલોર રાજસ્થાન**

**(૨)પ્રકાશ ચંદ્ર સન/ઓ રામલાલ ગોકલારામ ગોદારા(બિશ્નોઇ) ઉ.વ.૨૨ રહે.ગામ-સરનાઉ તા-સાંચોર જિ-જાલોર રાજસ્થાન**





# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**પી.સી.બી. :**

## માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી સટ્ટા બેટીંગ નો જુગાર રમતા ૨ ઈસમોને કુલ્લે ૨૪,૨૩૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૫.૮.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના અહેકો વિજયસિહ હિન્દુજી, અહેકો કલ્પેન્દ્રસિહ ચન્દ્રસિહ, અહેકો ચેતનસિહ નટવરસિહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અન્ય સ્ટાફના માણસો વિગેરે શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો કલ્પેન્દ્રસિહ ચન્દ્રસિંહ તથા અહેકો વિજયસિંહ હિન્દુજી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે માધવપુરા ઈદગાહ સર્કલ પાસે પીપળના ઝાડના નીચે જાહેરમાથી આરોપીઓ (૧) મોહમંદ ઈદ્રીશ ઉર્ફે બાબા મોહમંદ ઈસ્માઈલ શેખ રહે.વોરાની ચાલી અસારવા બ્રીજ નીચે ઈદગાહ અમદાવાદ શહેર તથા અન્ય ૧ ઈસમ ને સટા બેટીગનો આંક ફરક નો નાણા ની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧૪૩૨૦/ તથા સટા સ્લીપ,બોલપેન તથા ૨ મોબાઈલ ફોન મળી કુલ્લે રુપિયા ૨૪૩૨૦/ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી માધવપુરા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૧૧૦૨૦૧૩૭૮/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) મોહમંદ ઈદ્રીશ ઉર્ફે બાબા મોહમંદ ઈસ્માઈલ શેખ રહે.વોરાની ચાલી અસારવા બ્રીજ નીચે ઈદગાહ અમદાવાદ

(૨) શાહરુખખાન ફિરોજખાન પઠાણ રહે.વોરાની ચાલી અસારવા બ્રીજ નીચે ઈદગાહ અમદાવાદ

વોન્ટેડ:

મોહમંદ ઐયુબ ઉર્ફે બચ્ચન મોહમંદ કાસમ શેખ રહે. વોરાની ચાલી અસારવા બ્રીજ નીચે ઈદગાહ

ગુનાની જગ્યા : માધવપુરા ઈદગાહ સર્કલ પાસે પીપળના ઝાડના નીચે જાહેરમાથી

પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાણા રુપિયા ૧૪૩૨૦ /- (૨) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રુ.૧૦૦૦૦/ (૩) સટ્ટા ના આંક લખેલ કાગળ નંગ ૪ (૪) બોલપેન નંગ ૨ મળી કુલ્લે રુપિયા ૨૪,૩૨૦/નો મુદામાલ



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર ડી.જે.ચુડાસમા તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર આર.આર.દેસાઈ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ આરોપી નામે જયેશ ઉર્ફે પપ્પુ જખારીયા જાતે ક્રિશ્ચિયન ઉ.વ.૩૦ ધંધો-છુટક મજુરી રહે.ચીમનલાલ મહાસુખલાલની ચાલી, ચમનપુરા ચકલા, મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ C ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦ ૦૬૧૩/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ C ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૪૮૨/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૫૭૪૬/૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૧૪/૨૦૨૦ તા.૫/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી આરોપીની આજરોજ તા.૫/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૫/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) મ.સ.ઈ. આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦



# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી</u>

# <u>મેઘાણીનગર પોલીસ</u>

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર ડી.જે.ચુડાસમા તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર આર.આર.દેસાઈ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ આરોપી નામે કમલેશભાઈ ઉર્ફે વિનોદ ઇશ્વરભાઈ જાતે પ્રજાપતી ઉ.વ.૪૪ ધંધો-છુટક મજુરી રહે.મ.નં.૨૮૬, અંબિકાનગર વિભાગ-૧, નેતાજીનગરની સામે ડમરૂ સર્કલ, છેલ્લા બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન તથા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૭૨૯/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ તથા નં.(૨) ઘાટલોડીયા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૫૦૨૩/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૦૦/૨૦૨૦ તા.૫/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી આરોપીની આજરોજ તા.૫/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૫/૦૮/૨૦૨૦

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

(૧) મ.સ.ઈ. આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦



**નારોલ પોલીસ સ્ટેશનઃ-**

## શરીર સબંધિત ગુના આચરતા આરોપીને પકડી પાસા હેઠળ લાજપોર જેલ સુરત ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં શરીર સબંધિત બનાવો અટકાવવા તથા આવા બનાવોમાં પકડાયેપલ આરોપી વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા તેમજ આવા શરીર સબંધિત ગુનાઓ સબંઘેની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે શ્રી એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ પો.સ્ટે. વિસ્તારમાં આવા શરીર સબંધીત અસામાજીક પ્રવુતિ આચરતા આરોપી પર્વતસિંહ શક્તિસિંહ ચૌહાણ ઉ.વ ૪૦ રહે. મ.ન ૨૦ શિવમ પાર્ક સોસાયટી નારોલ અમદાવાદ શહેર નાની ગુનાહિત પ્રવુતિ સબબ તેના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી પો.કમિશ્રી અમદાવાદ શહેર ને મોકલતા પીસીબી/ડીટીએન/પાસા/૬૧૨/૨૦૨૦ તા.૦૫/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર આરોપીને આજરોજ તારીખ.૦૫/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરાવામાં આવેલ છે. તા.૦૫/૦૮/૨૦૨૦

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીનું નામ :

(૧) એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેકટર નારોલ પો.સ્ટે. (૨) અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા (૩) પો.કો.ધરતીરાજસિંહ વિક્રમસિંહ બ.ન.૬૫૦૯



## આનંદનગર પોલીસ સ્ટેશનઃ-

# આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં છ (૬) અસામાજીક તત્વની પાસા હેઠળ અટકાયત કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા શરીર સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અગાઉ શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપીઓના યોગ્ય અટકાયતી પગલા લેવા સારૂ સુચનાઓ મળેલ હોય જે અનુસંધાને આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબંધી ગુનાઓ કરતા ઇસમ વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા સારૂ એસ.જે.બલોચ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર આનંદનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અગાઉ શરીર સબંધી ગુનામાં પકડાયેલ કુલ છ (૬) પાસા અટકાયતીઓ (૧) રવીભાઇ પ્રવીણભાઇ શંકરલાલ જાતે-પટેલ ઉ.વ-૩૨ રહે- મારૂતીનંદન સોસાયટી હરીનગર સોસાયટીની સામે મોઢેરા ચોકડી મહેસાણા તથા (૨) અમરસિંહ પ્રતાપસિંહ રૂપસિંહજી ઠાકોર ઉ.વ-૩૬ રહે- ૧૨ નવો વાસ ભુદરપુરા ગામ આંબાવાડી અમદાવાદ શહેર તથા (૩) મહેંદ્રભાઇ હર્ષદભાઇ સોનાજી ઓસ્વાલ ઉ.વ-૨૩ રહે- ૧/૧૭૫ લક્ષ્મીકુપા સોસાયટી ચંન્દ્ર મૌલી સ્કુલની સામે આનંદનગર અમદાવાદ શહેર તથા (૪) કરણભાઇ કૌશીકભાઇ શાંતીલાલ જાતે- ઠક્કર ઉ.વ-૨૬ રહે- આઇ/૪૦૧ શ્યામવિલા -૨ હરીદર્શન ચોકડી નિકોલ અમદાવાદ શહેર તથા (૫) સૌમ્ય પ્રશાંતભાઇ આત્મારામ ઉ.વ-૨૩ રહે- બી/૬ મોરપીચ એપાર્ટ્મેંટ સારદા મંદીર સ્કુલની સામે પાલડી અમદાવાદ શહેર તથા (૬) ભરતભાઇ હમીરભાઇ ગાડાભાઇ જીતીયા ઉ.વ-૩૬ રહે- બી/૧૦૯ શ્યામવીલા એવન્યુ સત્યમેવ હોસ્પીટલની પાછળ ચાંદખેડા અમદાવાદ શહેર નાઓને તા- ૦૫/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા હેઠળ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા-૦૫/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર -અધીકારી/કર્મચારી- (૧) પો.સબ.ઇન્સ કે.બી.મીર
(૨) અ.પો.કો હરપાલસિંહ પ્રભાતસિંહ
(૩) અ.પો.કો મહેંદ્રસિંહ ઘનશ્યામસિંહ
(૪) અ.પો.કો કલ્પેશભાઇ કાનજીભાઇ
(૫) અ.પો.કો ગભરૂભાઇ ઘાનાભાઇ

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૩૪૪ લીટર દેશી દારૂ, ૧૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અતકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૭/૨૦૨૦**

**સાબરમતીઃ** સીતારામ જગદીશપ્રસાદ અગ્રવાલ (ઉ.વ.૬૬) (રહે. દીપ પરીવેશ ભુત બંગલા જવાહર ચોક સાબરમતી) એ તા.૦૫/૦૮/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે સીતારામ અગ્રવાલ ધર્મનગર પોસ્ટ ઓફીસની પાસે આવેલ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.માં પૈસા ઉપાડાવા ગયા હતા ત્યારે એક પુરૂષે સીતારામ અગ્રવાલને મદદ કરવાના બહાને સીતારામ અગ્રવાલના એ.ટી.એમ.કાર્ડનો પીન નંબર જાણી લઈ સીતારામ અગ્રવાલની નજર ચુકવી એ.ટી.એમ.કાર્ડ બદલી બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી દીધુ હતુ. ત્યારબાદ સીતારામના એ.ટી.એમ.નો ઉપયોગ કરી એ.ટી.એમ.કાર્ડ મારફતે કુલ રૂપિયા ૪૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૩૧૮/૨૦૨૦**

**નરોડાઃ** પ્રતિકભાઇ ભાઇલાલભાઇ પટેલ (રહે. વિમલપાર્ક સોસાયટી દહેગામ રોડ નરોડા) એ તા.૦૫/૦૮/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૦ સાજના ૫/૦૦ થી તા.૦૫/૦૮/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૧૯/૨૦૨૦**

**સાબરમતીઃ** સોરાબજી લીલાજી ઠાકોર (ઉ.વ.૪૨) (રહે. મહુડાવાળી ચાલી ધર્મનગર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે દોરડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

**નરોડાઃ** મેહુલભાઇ પોપટલાલ શાહ (ઉ.વ.૩૮) (રહે. પાર્શ્વનાથ શોપીંગ સેન્ટર પદમાવતી સોસાયટી સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

**મણીનગરઃ** દક્ષાબહેન ભાવિનભાઈ પટેલ (રહે. જલારામ પ્લાઝા જવાહર ચોક મણીનગર) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**ઇસનપુરઃ** દિનેશ મહેરૂજી ઠાકોર (ઉ.વ.૨૦) (રહે.ચામુંડાનગર વિભગ-૧ કાચા છાપરાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી